# શહેરમાં દશામાના વ્રતની વાજતે-ગાજતે પૂર્ણાહૂતિ

## ભાટ, ધોળેશ્વર, કોટેશ્વર, ઈન્દ્રોડા ખાતે દશામાની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૭

શહેરમાં પ્રતિ વર્ષ મુજબ આ વર્ષે પણ શ્રાવણ સુદ દસમના દિવસે દશામાના વ્રતની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. દસ દિવસ સુધી ચાલેલા વ્રત પછી ગઈકાલે મોડી રાત સુધી ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. સેક્ટરોમાં તથા સોસાયટીઓમાં ડીજેના તાલે માતાજીના ગરબા યોજાયા હતા અને દશામાનું વ્રત કરનારી મહિલાઓએ આ વર્ષે સતત બે વર્ષ બાદ દશામાનું વ્રત ઉત્સાહપૂર્વક દસ દિવસ સુધી કર્યા બાદ વહેલી સવારે માતાજીને પધરાવવા શહેરની આસપાસ આવેલા તળાવોમાં માતાજીની મૂર્તિ વિસર્જન કર્યુ હતુ. અમાસના દિવસથી દશામાંનું વ્રત કરનારી મહિલાઓએ ગઈકાલે જાગરણ કર્યુ હતુ અને એકમના દિવસે શરૂ કરનાર મહિલાઓએ આજે જાગરણ કર્યુ હતુ. દશામાની મૂર્તિનું વિસર્જન ભાટ, કોટેશ્વર, ધોળેશ્વર, ઈન્દ્રોડા ખાતે કરવામાં આવ્યું હતું. જ્યાં ફાયરબ્રિગેડના જવાનોની ઉપસ્થિતિમાં વિસર્જન ક્રિયા સંપન્ન થઈ હતી અને કોઈ અનિચ્છનીય ઘટના બની નહોતી. શ્રદ્ધાળુઓએ શ્રદ્ધાપૂર્વક માતાજીનું વિસર્જન કર્યું હતું. જો કે આ વર્ષે તળાવોમાં પાણી ન ભરાયા હોવાથી નાના-નાના પાણીના ઝરણાઓમાં દશામાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ વર્ષે જાગરણ નિમિત્તે મોડી રાત સુધી શહેરમાં નાગરિકોની ચહલપહલ રહી હતી. વ્રતધારી બહેનો દ્વારા માતાજીના ગુણગાન ગાતા ગાતા તળાવની પાસે પૂજન અર્ચન કરીને દશામાના વ્રતની પૂર્ણાહૂતિ કરી હતી. શહેરમાં દશામાના ગરબા સે. ૨૪ ખાતે યોજાતા હતા જે કોરોનાકાળ બાદ સતત ત્રણ વર્ષ મોકૂફ રાખવામાં આવતા આ વર્ષે ગરબા યોજાયા નહોતા પરંતુ જાગરણના દિવસે સોસાયટીઓમાં અને ગલીઓમાં એક દિવસ નવરાત્રી જેવો માહોલ જોવા મળ્યો હતો. ઘણી જગ્યાએ દશામાના ગરબાનું આયોજન કરવામાં આવ્યુ હતુ અને જાગરણ કરીને વહેલી સવારે દશામાની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું અને દશામાની વ્રતની પૂર્ણાહૂતિ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.





શ્રાવણ સુદ અગિયારસ નિમિત્તે તારીખ ૮ ઓગષ્ટે અગિયારસનું વ્રત કરવામાં આવશે. ઉપરાંત શ્રાવણનો બીજો સોમાવાર છે તેથી ઉપવાસનો દિવસ છે. મંદિરોમાં વહેલી સવારથી દર્શનાર્થીઓની ભીડ જોવા મળશે.




સિદ્ધાર્થ લૉ કોલેજ ખાતે આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ત્રિરંગાના મહત્વ વિશે વક્તૃત્વ સ્પર્ધા અને નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ હતી જેમાં વિદ્યાર્થીઓએ ઉલ્લાસભેર ભાગ લીધો હતો.

# પાટનગરને ફરી હરિયાળું બનાવવા "મિશન ગ્રીન ગાંધીનગર"નો શુભારંભ

**સે.૨૬માં યોજાયેલી બેઠકમાં આઇપીએસ હસમુખ પટેલ અને સામાજિક અગ્રણી જીલુભા ધાંધલ સહિત પ્રકૃતિ પ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં : પ્રથમ તબક્કામાં ૧૬૦૦ વૃક્ષોના ઉછેરની જવાબદારી ઉપાડવાનો સંકલ્પ કરાયો**



ગાંધીનગર, તા.૦૭

ગાંધીનગરની ઓળખ હંમેશા હરિયાળા શહેરની રહી છે પરંતુ છેલ્લાં કેટલાંક સમયથી શહેરમાં વિકાસના નામે જે રીતે વર્ષો જુના અને ખૂબ પર્યાવરણીય મહત્વ ધરાવતાં વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે જેના કારણે શહેરના નાગરિકો ચિંતિત બન્યાં છે. એક તરફ જ્યાં શહેરમાં વહીવટીતંત્ર વૃક્ષોને કાપવાના નીત નવાં બહાનાં શોધી રહ્યું હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે ત્યારે બીજી તરફ શહેરમાં એવા પણ પ્રકૃતિ પ્રેમી નાગરિકો વસવાટ કરી રહ્યાં છે જેઓ સતત શહેરને હરિયાળું રાખવા કટિબદ્ધ છે. શહેરમાં સે.૨૬માં શોપિંગ સેન્ટર ખાતે આવા જ પ્રકૃતિપ્રેમી નાગરિકોના ઉમિયા પર્યાવરણ ગૃપના નેજા હેઠળ રવિવારની સવારે એક બેઠક યોજાઇ હતી જેમાં રાજ્યના જાણીતા વરિષ્ઠ આઈપીએસ પોલીસ અધિકારી હસમુખ પટેલ અને સામાજિક સેવાભાવી અગ્રણી જીલુભા ધાંધલ સહિત અગ્રણીઓની હાજરીમાં ચર્ચા વિચારણા યોજાઇ હતી જેના અંતે શહેરને ફરી હરિયાળું પાટનગર બનાવવા "મિશન ગ્રીન ગાંધીનગર"નો શુભારંભ કરવામાં આવ્યો હતો.

"મિશન ગ્રીન ગાંધીનગર" અંતર્ગત પહેલાં તબક્કામાં ૧૬૦૦ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નક્કી કરવમાં આવ્યો છે જેમાં દરેક પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા વૃક્ષને વાવીને ત્રણ વર્ષ સુધી ઉછેરવા દત્તક આપવા માટેના ખર્ચ મુજબ રૂ.૧૨૫૦નું યોગદાન આપીને વૃક્ષો ઉછેરવાની જવાબદારી ઉપાડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે હસમુખ પટેલે ૫૧ વૃક્ષો, અજંતા ગેલેરીના કિરણ પટેલે ૫૧ વૃક્ષો, જીલુભા ધાંધલ દ્વારા ૧૧ વૃક્ષો, સે.૨૬ના વિષ્ણુભાઈ પટેલ દ્વારા ૧૧ વૃક્ષો, ઉમિયા પર્યાવરણ ગૃપ દ્વારા ૨૧ વૃક્ષો સહિત અન્ય પર્યાવરણ પ્રેમીઓ દ્વારા પણ તેમના સંકલ્પ લેવામાં આવ્યાં હતા. આ બેઠકમાં ઉમિયા પર્યાવરણ ગૃપના રાજુભાઈ પટેલ, પુરોહિતભાઈ સહિત અન્ય સભ્યો, જીસીસી ગૃપના મેહુલ તુવાર, હર્ષલબેન તુવાર, બી.વી.પરમાર, પીવાયએસટીના વિવેક પરમાર, કલ્પેશ જોષી સહિત પ્રકૃતિ પ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



શ્રી પંચમુખી મહાદેવ મંદિર સેક્ટર-૫-એ ખાતે આભલાંના હિંડોળા યોજાયા હતા. રાધાકૃષ્ણ મહિલા મંડળે આભલાંના હિંડોળા ખુબ જ ભાવપૂર્વક તૈયાર કર્યા હતા.



ગાંધીનગર, તા.૦૭

સમગ્ર વિશ્વમાં અજોડ એવું ભારતીય સંસ્કૃતિનું પવિત્ર પર્વ એટલે રક્ષાબંધન અણે આ પર્વની ઉજવણી નાગરિકો ખૂબ જ પ્રેમ અને ઉલ્લાસ સાથે આદરપૂર્વક કરે છે. વાવોલમાં શાલીન-૨ સોસાયટી ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા રક્ષાબંધન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં સોસાયટીના ભાઈ-બહેનો ઉત્સાહપૂર્વક જોડાયાં હતાં. આ પ્રસંગે સમસ્ત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા)ના વોર્ડ નંબર-૭ના પ્રમુખે હાજરી આપી હતી.



શ્રાવણ માસના પ્રારંભે ધાર્મિક સ્થાનો ભાવિકોથી ઉભરાઈ રહ્યા છે. ચારેબાજુ ધાર્મિક માહોલ જોવા મળી રહ્યો છે. મંદિરોમાં વહેલી સવારથી મોડી સાંજ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. શ્રાવણ માસમાં ગ્રામભારતી નજીક આવેલી અમરનાથ ધામ ખાતે ભાવિકોનો વિશેષ ધસારો રહ્યો હતો. આખો દિવસ ભાવિકોની અવરજવર અહીં જોવા મળી હતી.



ગાંધીનગર, તા.૦૭

ભૂદેવ નેટવર્ક ચેરિટેબલ ફાઉન્ડેશન ધ્વારા સોમનાથ મહાદેવ મંદિર સેક્ટર ૧૬ ખાતે ની લેટેસ્ટ બાયોડેટા બુકલેટ નો વિતરણ કેમ્પ યોજાયો હતો જેમાં મોટી સંખ્યા મા ભૂદેવો એ ભાગ લીધો હતો અને કેમ્પ નો લાભ લીધો હતો. જેમાં વિપુલ ભાઈ પંડ્યા,નરેશભાઈ દવે, જાનવી ગોસ્વામી, હાર્દિક ભાઈ જોશી, આદિત્ય ઉપાધ્યાય કાર્યક્રમ નું સંચાલન કર્યું હતું!



ઘ-૪નું અન્ડરબ્રીજ શરૂ થયા બાદ હાલમાં ગ-૪ અન્ડરબ્રીજનું કામ ચાલી રહ્યું છે. ગ-૪ અન્ડરબ્રીજનું કામ લગભગ પૂર્ણતાના આરે પહોંચ્યુ છે. છેલ્લા ઘણા સમયથી આ કામ ચાલી રહ્યુ હોવાથી સ્થાનિક વસાહતીઓ ઝડપથી આ કામને પૂર્ણ કરી અન્ડરબ્રીજ શરૂ કરવાની માંગ કરી રહ્યા છે.



ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સમાજકાર્ય નાં વિદ્યાર્થીઓ સાધુ મિતેષ, તુરી નિલેશ, બલેવા જિગીષા અને પરમાર કિંજલ દ્વારા નાદરી ગામ આંગણવાડી નાં સહયોગ થી આંગણવાડી નાં બાળકો સાથે રક્ષાબંધન ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આંગણવાડી માં ભણતા બાળકો એ ભાગ લીધો હતો.

# "બુલેટ હોકર્સ" ગૃપની "ફ્રેન્ડ્શિપ ડે" નિમિત્તે બાઈક રાઈડ



ગાંધીનગર, તા.૦૭

ગાંધીનગર તેમજ અમદાવાદ સહિતના યુવાનો માટે લદ્દાખ સહિતના દેશભરના વિવિધ દુર્ગમ સ્થળો પર રોમાંચક સાહસિક બાઈક રાઈડનું આયોજન કરતાં "બુલેટ હોકર્સ" દ્વારા આજે "ફ્રેન્ડ્શિપ ડે" નિમિત્તે સ્પેશિયલ બાઈક રાઈડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાઈક રાઈડમાં મોટી સંખ્યામાં ગાંધીનગર અને અમદાવાદ સહિત આસપાસના વિસ્તારના બાઈક રાઈડર્સે ભાગ લીધો હતો. આ બાઈક રાઈડ વહેલી સવારે ગાંધીનગરથી નીકળીને સાણંદ ખાતેના એક ફાર્મ હાઉસ પર પંહોચી હતી જ્યાં તમામે સમુહ ભોજનનો આનંદ માણ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના મહામારીને પગલે લાંબા સમયથી આ બાઈક રાઈડ યોજાઈ નહોતી જેનો હવે પુનઃ પ્રારંભ કરવામાં આવ્યો છે.

## સે- ૬ અને ૭ ના પોલીસ સ્ટેશનમાં વોર્ડ ૧૦ ની બહેનો દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી



સેક્ટર-૬ અને સેક્ટર- ૭ ના પોલીસ સ્ટેશનમાં વોર્ડ ૧૦ ની બીજેપી મહિલા મોરચાની બહેનો દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વોર્ડ ૧૦ ની કોર્પોરેટર બહેનો તેજલબેન નાઈ, મીરાબેન પટેલ એ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં મહામંત્રી જૈનીબેન નાયક, મંત્રી મીરાબેન વાટલિયા, દષ્ટીબેન, જનકબા સાથે મોટી સંખ્યામાં હાજર રહેલ કાર્યકર્તા હોદેદાર બહેનોનો વોર્ડ ૧૦ મહિલા મોરચા પ્રમુખ શર્મિષ્ઠાબેન મેહતાએ આભાર માન્યો હતો.

# ગાંધીનગર મહાનગર અનુસૂચિત જનજાતિ મોરચાની બહેનોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાખડી મોકલાવી



ગાંધીનગર,તા.૦૭

ગાંધીનગર મહાનગર અનુસૂચિત જનજાતિ મોરચાની બહેનોએ વડાપ્રધાન મોદીને રાખડી મોકલાવી છે સેક્ટર ૪, વોર્ડ નંબર ૮ માં સી કે સીવણ ક્લાસીસની બહેનો દ્વારા વિશ્વ વંદનીય ભારતના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીને રાખડી મોકલવાના કાર્યક્રમમાં બહેનોએ ખૂબ ઉત્સાહ અને લાગણી દ્વારા કાર્યક્રમમાં હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સખી મંડળના પ્રમુખ છાયાબેન ખરાડીએ, છાયાબેન ત્રિવેદીનો આભાર માનતા જણાવ્યું હતું કે,

સમગ્ર કાર્યક્રમ મનપા વોર્ડ નં.૮ ના કાર્યશીલ નગરસેવિકા છાયાબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ તૈયાર થયો હતો.